# દીવાને મૌલાના અલી (અ.સ.)

➵ **"એઝ ઇન્કરતો અહદન મિન હમીમિન**
**ફફી નફસિત્તકર્રોમો વલ હયાઉ"**

***તરજુમો : "જે વક્ત કોઇ પણ મારો કરાબતવાલો યા દોસ્ત મારા સાથેનો મીઆદ અને અહેદ તોડી નાખે છે, તો હું મારી ઝાતમાં એ શખ્સને વાસ્તે કરામત અને હયા રાખું છુ."***

<u>તશરીહ</u> : મૌલાના અલી અમીરૂલ મુમેનીન શરમો હયાના ઝૈવરે લાકીમત થી આરાસ્તા હતા આપ (અ.સ.) ફરમાવતા કે, શરમો હયા ઈમાનનો એક હિસ્સો છે અને તે મુમિન જ શું જેની ઝબાન અને આંખથી હયાના આસાર ઝાહિર ન થાય. આપ (અ.સ.) તે દૌરના લોગોની ઝિક્ર કરે છે જેઓને અહેદ અને બયઅતનો ઝર્રા બરાબર પણ પાસ ન હતો. ઝબાની વાઅદો, કૌલ અને ઈકરાર તેઓના વાસ્તે એક માઅમૂલી ગુફ્તગૂ બરાબર હતી. ખત્મુલ મુરસલીન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આ ખલ્કમાં દીને ઈસ્માઈલની નેઅમતો દૌલત લઈને પધારા તો મિનલ્લાહ વહ્યને ઝરીએ કુરઆનની શિકલમાં અહકામો ફરમાન જારી થયા. આગલા ઝમાનામાં જે તે નબીએ મુરસલ પર આસ્માની કિતાબ નાઝિલ થાતા તે તેની ઉમ્મતને વાસ્તે એક અહેદનામા બરાબર હતા. કુરઆને કરીમમાં પણ અહેદો મીસાકની ઝિક્રે ખાસ આવેલી છે જે અહેદો મીસાક આપનારને એના માતહત તે અમલ-દર-આમદ થયો કે નહીં એની પૂછની થાનાર છે. તેથી તમામ ફરીઝત અને અહકામ જે આયાતે કુરઆનીમાં બયાનશુદા છે તે અલ્લાહતઆલા સાથે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝરીએ એક મોઆહેદો છે.

**અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) કુરઆનના કરીન અને જોડીદાર છે.** કુરઆન સામિત (ચુપ) છે તો આપ (અ.સ.) નાતિક (બોલનાર) છે. કુરઆન તન્ઝીલ છે તો આપ (અ.સ.) સાહબે તાવીલ છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાનમાં અને આપની રેહલતે પુરગમ બાદ શહેરમાં યા મૈદાને જંગમાં અલ્લાહના એક વલીની હૈસીયતથી ઈરશાદે ઈલાહી મુજબ ઘણા મોઆહેદા થયા. આપ (અ.સ.) ફરમાવે છે કે, ઘણા મારા અસ્હાબોએ મારી સાથે સોહબતમાં વરસો ગુઝારા અને મારાથી ઈલ્મી ફાયદો હાસિલ કીધો, પણ જે વક્ત ઈમ્તેહાનનો લમ્હો આવો તો તેઓએ બેશરમી થી પીઠ બતાવી રૂગરદાની કીધી. આપ (અ.સ.) ફરમાવે છે કે, આ અમલે બદની મેં કોઈ દરકાર કીધી નહીં અને આ બદસુલૂકીનો મેં બદલો વાલો નહીં પણ તેઓના હાલ પર મેં છોડી દીધા.

➵ **"વ કુલ્લો જેરાહતીન ફલહા દવાઉન**
**વ સૂઉલ ખુલ્કે લૈસા લહુ દવાઉ."**

***તરજુમો : "હર ઝખ્મને વાસ્તે દવા મૌજૂદ છે પણ બુરા ચાલ-ચલનની કોઇ જ દવા નથી."***

તશરીહ : અખ્લાક નૈક પણ હોય છે અને બદ પણ. નફસની પાકી, નઝાફત અને તહારતને મેહફૂઝ રાખવા નૈક અખ્લાક અપનાવાય છે. નૈક અખ્લાક અપનાવવાની સાથે બદઅખ્લાક છોડી દેવું ઝરૂરી છે. આનાથી જ નફસની નાપાક, આલૂદગી અને ખબાસત દૂર થાય છે.

જે શખ્સ ચાહે કે નફસ ને પાક કરે અને ખુદ આરાસ્તા બનવા ચાહતો હોય, તો એના વાસ્તે બે દરજા છે. **બુરા-ભલાની તમીઝ કરવું એ ઇલ્મથી જ મુમ્કિન છે.** જે વક્ત ઈન્સાન ઈલ્મી લેહાઝથી તમીઝ કરવા લાગે તો પછી અમલ કરવાનો વક્ત આવે છે. આ મરહલામાં ઈન્સાન પોતાના અંદરના બુરા અખ્લાકને તર્ક કરવાની કોશિશ કરે છે અને નૈક અખ્લાક અપનાવે છે. બેહતરમાં બેહતર તરીકો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપના અહલેબૈત (અ.સ.) ના કિરદાર, સુન્નતે પાક અને સીરત પર ઈબરત હાસિલ કરવાની નઝર નાખી તેને કાબિલે કુબૂલ કરવું છે.

નફસની પાકીઝગીની કોશિશ કરવું હમારું કામ છે અને એમા કામિયાબી આપવી અલ્લાહતઆલાના હાથમાં છે. તેથી ઈલ્મો અમલની રાહમાં હમને તદબીર પણ કરતા રેહવું જોઈએ અને અલ્લાહથી દોઆ પણ કરવી જોઈએ.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, જે શખ્સમાં આઅલા સિફાત, બેહતર ખસલત અને ફઝાઈલ હોય એને જોઈએ કે, તે અલ્લાહનો શુક્ર અદા કરે અને જેનામાં આ ચીઝો નથી એને જોઈએ કે તે અલ્લાહથી એ બાબતનો સવાલ કરે અને બેહતરીની દોઆ માંગે." ★

➵ **"વરૂબ્બા અખિન વફયતો લહુ વફીયીન, વલાકિન લાયદૂમો લહુલ વફાઉ."**

***તરજુમો : "બાઝ વક્ત વફાદાર સમઝાતા ભાઇ સાથે હું દોસ્તી નીભાવી રાખું છું લેકિન તેની વફાદારી મારા વાસ્તે હમેશા રહેતી નથી."***

**તશરીહ :** ઈન્સાની સમાજ-મઆશેરામાં તે એક એવો કિરદાર છે કે, બીજા તેના હમજિન્સ-હમસાયાઓ સાથે દુનિયાવી મુઆમેલાતમાં હર લેહાઝમાં જોડાયેલો છે. જેમાંથી પોતાને જુદો પાડવો મુશ્કિલ છે. એક કટરો જેમ પાનીથી અલગ થઈ શકતો નથી અને પોતાના વુજૂદ ને બરકરાર રાખી શકતો નથી એ તરહથી ઈન્સાન આ દુનિયામાં એકલો ઝિંદગી બસર કરી શકતો નથી. ચાહીને યા ન ચાહીને પણ એવા લોગોની સંગત એને ઈખ્તિયાર કરવી પડે છે અને વફાદારીનો ભરોસો મુકાવો પડે છે; એ બાવુજૂદ કે તેને પોતાના રાઝદાન દોસ્તની બેવફાઈની બદબૂ આવી ગઈ હોય છે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને રસૂલુલ્લાહ બાવાજી ના ઈન્તેકાલ બાદ એવા અસ્હાબ સાથે રાબેતો પડો કે જેના ઝાહિર-બાતિન શક-શુબેહવાલા હતા. તો પણ આપે તમામ ખતરાઓનો મુકાબલો કરી એક ઈન્સાની વેહવાર સાચવવા એ લોગો સાથે દોસ્તદારી નીભાવી રાખી. ★

➵ **"યોદીમૂનલ મવદ્દતા મા રઔની,**
**વયબ્કિલ વુદ્દો માબકેયલ લકાઊ."**

***તરજુમો : "જે વક્ત એ લોગો મને જોઇ છે તો મોહબ્બતને તાઝી કરે છે અને જહાઁ તક મુલાકાત બાકી છે વહાઁ તક મોહબ્બત બાકી જ રહે છે."***

**તશરીહ :** મૌલાના અલીયુલ મુરતઝા (અ.સ.) એ દીનદાર ભાઈની મુલાકાત તરફ રગબત અપાવી છે. અગર કોઈ શખ્સ પોતાના મઝહબના યા ગૈર મઝહબના દોસ્તો યા મિલનસારો સાથે મીલે છે તો તેઓની ગુઝરેલી ઝિંદગીની યાદ તાઝા થાય છે અને જે જે ઝાતી મુશ્કેલાત હર એક પર પડેલી હોય છે તેમાંથી કઈ તરહ એ લોગોએ ગુઝર-બસર કીધેલો હતો તે ઝમાનાના લમ્હાતની તસ્વીર નઝર સામે આવી જાય છે અને જૂની પુરાની વાતોને તાઝી કરવા વાસ્તે દોબારહ મુલાકાત કરવાનું મુકર્રર કરે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ પોતાની ૧૨ સુન્નતે ખાસ્સામાં "**સિલતુલ ઇખ્વાન**" યાઅની કે, મુમિન ભાઈ સાથે મુલાકાત કરવાની હોશ અને ફાયદા બતાવેલા છે. આપ ફરમાવે છે કે, મુમિનના દિલમાં ફરહત અને ખુશીની ઝલક દાખિલ કરવી એક અઝીમ હસનત છે અને ઉમ્દા અમલ છે. આ તે જ વક્ત મુમ્કિન છે કે, મુમિન એના ભાઈને સાથે મુલાકાતનો સિલસિલો બનાવતો રહે. વક્તન ફ વક્તન આપસી મુલાકાત થાવાના સબબ દિલોની દૂરી, ગૈર સમઝ અને નાઈત્તેફાકી ખત્મ થઈ જાય છે અને ઈમાનના જૌહરના મઝબૂત રિશ્તાના સબબ મોહબ્બત અને દોસ્તીના બંધન મઝબૂત થઈ જાય છે. ★

➵ **"અખિલ્લાઉન એઝસ્તગનૈતો અનહુમ,**
**વ આઅદાઉન એઝા નઝલલ બલાઊ."**

***તરજુમો : "હું જહાઁ તક એ લોગોથી બેપરવાહ રહું છું વહાઁ તક એ લોગો મારા દોસ્તો બનીને રહે છે અને જે વક્ત મારા પર બલા ઉતરે છે તો એ લોગો મારા દુશ્મન બની જાય છે."***

**તશરીહ :** અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) એ પોતાના ઝમાનાના લોગોની રૂગરદાની અને બેરૂખીની ઝિક્ર કીધી છે. રસૂલે અકરમ (સ.અ.વ.વ.) ની રેહલત બાદ આંગલીઓની ગિન્તી જેટલા મુખ્તસર અસ્હાબ આપની વસાયતના હક્કના હામી રહ્યા. આપ એટલા ખુદ્દાર અને ગૈરતમંદ હતા કે આપે ઘરનો એક ગોશો ઈખ્તિયાર કીધો અને ઊલૂમે ઈલાહી તેહરીર કરવામાં મસરૂફ રહ્યા. આપે કોઈના થી પણ મદદ તલબ કીધી નહીં અને આપનો હક્ક સાબિત કરવા કોઈની રહેમ-મહેરબાની ચાહી નહી. તમામ ઊમૂર અલ્લાહની મશીયત અને કઝા પર છોડી દીધા. આ તરહ આપ જે વક્ત લોગોથી બેપરવાહ થઈ ગયા તો બાઝ કહેવાતા સાથીઓએ આપથી દોસ્તી નીભાવી પણ દિલમાં નિફાક ને પાલો. એ લોગો આપથી મીલતા તો હઁસી-ખુશીનો જૂઠો ઈઝહાર કરતા પણ જે વક્ત આપ ગિરફતારે બલા થાતા અને આપના અહલે ખાસ પર મુસીબત તૂટી પડતી તો એ લોગો અંદરો-અંદર **આપના હાલાતની મઝાક-મસ્ખરી કરતા અને જાની દુશ્મન જેમ સુલૂક કરતા.**

તારીખી ઔરાક શાહિદ છે જ કે, રસૂલે મકબૂલ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ પુરમલાલ બાદ દુશ્મનો આપના બૈતુશ્શરફ પર ઢસી આવા અને તરહ તરહના ઝુલ્મ કીધા, યહાં તક કે આલમીનના બૈરોના સરદાર મૌલાતોના ફાતેમા (અ.સ.) ને આપના બાવાજી સાહેબના ગમે ફિરાકમાં આહોઝારી કરવાથી મેહરૂમ કીધા અને જન્નતુલ બકીઅના એક વીરાન કોનામાં બૈતુલ હઝન (રોવાનું ઘર) બનાવી આપું, ગોયા કે મદીનાના મુનાફિકોના દિલોમાં આપ કાંટાની તરહ ચુભતા હતા. ઝમાનાની આ ગરદિશ અને ઝુલ્મના સબબ આપ મૌલાતોના ફાતેમા ફક્ત ૭૦ દિનમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ★

➵ **"વઇન ગુય્યિબતો અન અહદિન કલાની**
**વઆકબની બેમા ફી હિક્તેફાઊ."**

***તરજુમો : "જે વક્ત હું એ લોગોથી શહેરમાંથી ગાઇબ થાવું છું તો તેઓ મારી અદાવત કરે છે . મારો ઇન્તેકામ લેવામાં તેઓ કોઇ કસર બાકી રાખતા નથી."***

**તશરીહ :** ઈન્સાન એના અકરૂબા અને દોસ્તો દરમિયાન હાઝિર હોય છે તો બે આઁખની શરમથી એનો સાથ આપે છે. પણ જે વક્ત એ તેઓથી દૂર થાય છે, સોહબત મૂકી દે છે તે વક્ત એની બદગોઈ અને મસ્ખરી કરવામાં કોઈ કમી રાખતા નથી. મૌલાના અલી (અ.સ.) એ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) સાથે તકરીબન ૨૫ જંગોમાં શિરકત કીધી હતી અને એક-બે જંગ સિવાય આપ નબીયુલ્લાહ સાથે ફતેહયાબ થઈને મદીના તરફ વાપસ આવા હતા. આપ જિહાદના બાદશાહ હતા. દુશ્મનોનો ચુની-ચુનીને બદલો લેવો આપના ખમીરા અને તબીઅતમાં હતું. કેમ કે અલ્લાહતઆલાએ ઈસ્લામ અને રસૂલે ખુદા (સ.અ.વ.વ.) ના દુશ્મનો સાથે જિહાદે અકબર અને જંગો જિદાલ કીધા બાદ કત્લનો હુકમ સાદિર ફરમાવો હતો. કુરૈશના બેશુમાર કુફ્ફાર સરદારોને આપે ઝૈરે ઝમીન પછાડા હતા. ફત્હે મક્કાના વાકેયએ તારીખીને દૌરાન જે લોગો ઈસ્લામથી મુશર્રફ થયા તે કરાહીયત અને મજબૂરીની બિના પર થયા હતા અને આ વાકેઆ બાદ જે લોગો મક્કાથી મદીના હિજરત

કરીને આવા હતા એના કોઈ ને કોઈ અહલો અકરૂબા ઈસ્લામી જંગોમાં હઝરત અલી (અ.સ.) ના મુકાબેલા પર આવા હતા અને કત્લ થયા હતા. તે સબબ મદીનામાં ઘણા એવા મુનાફેકીન હતા જેઓ મૌલાના અલી (અ.સ.) ને બઝાહિર ચાહતની બનાવટ કરતા હતા પણ તેઓના દિલોમાં ઈન્તેકામની અંદરૂની આગ તાઝા હતી, શોઅલાઝન હતી. જેઓ ન તો કહી શકતા હતા ન સહી શકતા હતા ! મૌલાના અલી (અ.સ.) એવા લોગોની સોહબતમાં હોય તો આપથી બરાબર મોહબ્બતનો ઈઝહાર કરતા હતા પણ જે વક્ત પણ આપની પીઠ ફીરતી હતી કે આપનો ઈન્તેકામ કેમ લેવો એની પૈરવી કરવામાં લાગી જાતા હતા. ★

➺ **"એઝામા રાસો અહલિલ બૈતે વલ્લાહ**
**બદાલહોમો મિનન્નાસિલ જફાઊ."**

***તરજુમો : "જે વક્ત ઘરના લોગોનો રઇસ (સરદાર) વફાત થઇ જાય છે યાઅની કે માથા પરથી તેનો સાયો ઉઠી જાય છે તો લોગો તરફથી એ ઘરવાલાઓ પર જફાકારી અને ઝુલ્મ ઝાહિર થાય છે."***

**તશરીહ :** ઘરના લોગોના રઈસની હયબત, રોઅબ અને ધાક ના સબબ અહલો અકરૂબા, સગા વ્હાલા અને મઆશેરાના લોગો એ ઘરવાલાઓ સાથે અચ્છા તઅલ્લુકાત અને રિશ્તા નીભાવે છે જેના સબબ તે રઈસને ખરાબ ન લાગે અને હમસાયાઓના આ વેહવારથી તેના દિલને ઉન્સત અને ચૈન રહે. **પણ ઘરના તાજ-રઇસનો સાયો દુનિયાથી ઉઠી જાવાના સબબ આપસી તઅલ્લુકાત, વહેવાર, લૈન-દૈન તેમજ રિશ્તેદારોની આમદો રફતમાં કમી આવી જાય છે** અને તઅલ્લુકાતની બરકરારી અને હમૈશગી પર સવાલીયાહ નિશાન લાગી જાય છે. બાઝ વક્ત પર તો સગાવ્હાલાઓ આપસમાં તાઅનાકશી અને ભલુંબુરૂં બોલીને કહે છે કે, તે ઘરમાં ફલાના બુઝુર્ગ હતા તેની શરમ અને લેહાઝના સબબ હમેં રિશ્તેદારી નીભાવતા હતા પણ હવે તો તે જગા જાવામાં હમારા પગ ભારી થઈ ગયા છે કે, શું તે ઘરના લોગો હમારો ઈસ્તિકબાલ કરશે ? ખૈર-આમદ કહેશે કે નહીં !

મૌલાના અલી (અ.સ.) રસૂલુસ્સકલૈન (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ પુરમલાલ બાદ ઉમ્મતીઓના અહલે બૈત (અ.સ.) સાથેના રવૈયાની કૈફીયત બયાન ફરમાવે છે, આપ (સ.અ.વ.વ.) મૌજૂદ હતા, લોગો શૌકથી આપની મુલાકાતે ખાસ અને દીની-દુનિયાવી ઊમૂરમાં રાહનુમાઈ વાસ્તે પધારતા અને હુજરએ રિસાલત પનાહીમાં લોગોનો હર ગાહ હર મૌકા પર હુજૂમ રહેતો. પણ આપ (સ.અ.વ.વ.) એ જ ફરમાવેલું કે, **"મારી રેહલત બાદ તમેં ઝઇફ-કમ્ઝોર કરી દેવામાં આવશો."** હકીકતન આપ (અ.સ.) ની વસાયત અને ખિલાફતના મકામાતને છીનવી લેવામાં આવો. રસૂલેઅકરમ (સ.અ.વ.વ.) ની કાઈમ મકામીના દરજતે આલીયાહથી આપને મેહરૂમ કરી દેવામાં આવા અને એક તાકતવર બાવાજીના ઈન્તેકાલ બાદ એના ઝઈફ ફરઝંદની જે હાલત હોય છે એ મુજબ અહલે બૈતે નુબૂવત પર જૌરોજફાના મુસીબતના વાદલો તૂટી પડા. ★

➺ **"વમા તલબુલ મઇશતે બિત્તમન્ની**
**વલાકિન અલ્કે દલવકા ફિદ્દેલાઇ."**

***તરજુમો : "ફક્ત ઉમ્મીદ અને આરઝૂ રાખવાથી જ રોઝી તલબ કરવાની નથી પણ પોતાની કમાઇ વાસ્તે બીજાની ડોલો સાથે તારી ડોલ કૂવામાં નાખ."***

**તશરીહ :** ઉમ્મીદ કરવા પર તલબે દુનિયા યાઅની કસ્બે રિઝકનો દારોમદાર રહેલો છે પણ એના સાથે મહેનત અને મશક્કત બેહદ ઝરૂરી છે. અલ્લાહતઆલા રોઝીનો ઝામિન છે જ પણ તદબીર કીધા બગૈર રોઝી હાથ લાગતી નથી. અલ્લાહની રેહમત પર ઉમ્મીદ રાખીને કોઈ જ જદ્દો જેહદ કીધા બગૈર હાથ પર હાથ રાખી બેસી રહેવાથી રોઝગારી હાસિલ થાતી નથી. મૌલાના અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) તલબે રિઝકે હલાલની દોઆમાં સૂરએ માએદહની આ આયતની તિલાવત કરતા હતા કે, "અલ્લાહુમ્મરઝુકની રિઝકન વાસેઅન હલાલન તૈયેબહ," યાઅની અય પરવરદિગાર તું મને પાક, હલાલ અને કુશાદહ રોઝી ઈનાયત કર, તે બાદ "રબ્બના અન્ઝિલ અલયના માએદતન" ની દોઆ પઢતા. આપ દરબારે ઈલાહીમાં ઈલ્તેજા ફરમાવતા કે, **"અલ્લાહુમ્મા ઇન કાના રિઝકી ફિસ્સમાએ ફઅન્ઝિલહો. અવ ફિલ અરઝે ફઅખ્રિજહો, અવ બઇદન ફકર્રિબહો, અવ કરીબન ફયસ્સિરહો, અવ કલીલન ફકસ્સિરહો, અવ કસીરન ફબારિક લના ફીહે, બેરહમતેકા યા અરહમર્રાહેમીન."** યાઅની કે, અય અલ્લાહતઆલા, જો મારૂં રિઝક આસ્માનમાં હોય તો તેને નાઝિલ કર, યા ઝમીનમાં હોય તો તું તેને બહાર નીકાલ, યા દૂર હોય તો તેને કરીબ કર, યા નઝદીક હોય તો તેને હાસિલ કરવામાં આસાની અતા કર, યા થોડું હોય તો તું તેને ઝિયાદહ કર, યા ઝિયાદહ હોય તો તું તેમાં બરકત ઈનાયત કર. તારી રેહમતના વાસ્તાથી અય રહેમના કરનારાઓમાંથી સૌથી વધારે રહેમ કરનાર.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, **આ દુનિયામાં રોઝગાર-તલબીનું બાઝાર એક અઝીમ કૂવાની મુજબ છે.** જો કોઈ પાનીનો તલબગાર પ્યાસો આ કૂવાના પાનીને જોઈને ફક્ત ઉમ્મીદ રાખે કે પોતાની પ્યાસ બુઝાઈ જાશે અને પાની તરફ નઝર કરા કરે તો એની પ્યાસ હરગિઝ બુઝવાની નથી, યહાઁ તક કે તે પોતાની ડોલને બીજાઓ જેમ કૂવામાં નાખીને પાનીને નહીં નીકાલે. મૌલાએ કાએનાતનો ઈશારો આજના રસ્સાકશી અને હરીફાઈના ફેલાએલા અને મોટા બાઝારની તરફ છે જેમાં હરએક ખુદાનો બંદો રોઝી વાસ્તે પોતાના નસીબ અને કિસ્મતની આઝમાઈશ કરે છે.

અલ્લાહ જલ્લા શાનોહુએ આ બાઝારમાં હરએક મુખ્લિસ તાલિબે રોઝી અને મઆશ વાસ્તે એનું નસીબ મુકેલું જ છે, જે નફસાની-જિસ્માની મહેનત કીધા બગૈર દસ્તયાબ થાય એ નામુમ્કિન છે. શહેરના આજના બાઝારોમાં એક ચીઝની બેશુમાર દુકાનો મૌજૂદ હોય છે પણ અલ્લાહ ખૈરૂર્રાઝેકીન હરચંદને પોતાના ઈકબાલ અને હિસ્સાને મુતાબિક રોઝી ઈનાયત કરી દેતો હોય છે. પણ આ મોટા બાઝારોની ઝાક ઝમાલને જોઈને કોઈ અદના તાજિર-દુકાનદાર અલ્લાહની રેહમતથી માયૂસ થઈ જાય અને **રોઝીની ઉમ્મીદ ખોઇ બેસે તો તે એની બદગુમાની અને નાદાની છે.**

અહલે બૈત (અ.સ.) થી મન્કૂલ છે કે, જો તમને તમારા વતનમાં કુશાદહ રોઝી ન મીલતી હોય તો અલ્લાહની આ વસીઅ ઝમીનમાં નીકલી જાવું જોઈએ અને પોતાની રોઝીને તલાશ કરવી જોઈએ. કેમકે અલ્લાહતઆલા જે વક્ત બંદાને ઝમીન પર પૈદા કરે છે તો તેની રોઝીને તકસીમ કરી જ દે છે. ★

➺ **"તજિઅકા બે મિલએહા યૌમન વ યૌમન**
**તજિઅકા બેહમઅતિન વ ક્લીલે માઇ."**

**તશરીહ :** અગર તમેં કોશિશ કરશો તો તમારી ડોલમાં કોઈ દિન પણ પાની ભરાશે જ. તો કોઈ દિન એવો ગુઝરશે કે કચરા સાથે થોડું જ પાની તમને મીલશે. યાઅની કે અલ્લાહતઆલાએ બંદાની રોઝી તકદીર કીધેલી છે કે, અગર એ કોશિશ કરશે તો ફુલ નહીં પણ ફુલની પાંખડી તો હાસિલ થાશે જ.

➺ **"વકમ સાઇન લેયુસરી લમ યનલહો**
**વઆખરા મા સઆ કહેકર-સરાઅ."**

**તશરીહ :** ઘણા કોશિશ કરનારાઓ રોઝી તલબ કરવાને વાસ્તે જદ્દો જેહદ કરે છે પણ તે એને દસ્તયાબ નથી થાતી. બીજાઓ જે કોઈ જ કોશિશ કે મેહનત નથી કરતા એને આપોઆપ રોઝી મીલે છે. યાઅની કે દૌલત કમાવવા વાસ્તે મેહનતકશ બંદો એક દિનમાં ઘણી ઝૈરોઝબરી અને મશક્કત કરે છે. પણ છેલ્લા તે પોતાના ઘર ખાલી હાથ ફીરે છે. અને દુનિયામાં એવા પણ લોગો છે કે જે બેહિસાબ દૌલત રમતબાઝીના ઝોર પર અને ફક્ત ટેલીફોનના બટન દબાવી પલભરમાં બગૈર કોઈ મેહનત હાસિલ કરી લે છે.

➺ **"વ સાઇન યજમઉલ અમ્વાલા જમઅન**
**લેયૂરિસહો અઆદેયહુ શકાઅ."**

**તશરીહ :** દોડાદોડી કરીને મેહનતથી દૌલત જમાઅ કરનાર દૌલત તો જમાઅ કરે છે પણ એ વારિસ કરી આપે છે તે દૌલતનો તેના દુશ્મનોને જેઓ ઘણા બુરા હોય છે. યાઅની કે ઈન્સાને કમાએલી દૌલત અલ્લાહની રાહમાં અને પોતાના અહલો અયાલ વાસ્તે અલ્લાહની નેઅમતોની લઝ્ઝત હાસિલ કરવામાં પોતાની ઝિંદગીમાં ખર્ચ કરવી જોઈએ. એમાંથી એક હિસ્સો એના સખ્ત અને દુશ્વાર તેમજ તંગદસ્તીના વક્ત વાસ્તે તથા બીમારીમાં ઈલાજ-દવા વાસ્તે સંભાલી રાખવી જોઈએ જેથી મુસીબતના વક્તમાં બીજા નઝદીક ઈમ્દાદ વાસ્તે દસ્તદરાઝી ન કરવી પડે. અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) નસીહત ફરમાવે છે કે, "દૌલતમંદ બખીલ એની મૌત બાદ જે માલો સરવત છોડીને જાય છે તેનો ફાયદો એના એવા લોગો લે છે કે, એના દુશ્મન બનીને બુરાઈ પર ઉતરી આવે છે. વિરાસતના માલમાં ઝઘડો કરી એકબીજાની અદાવત કરે છે અને દૌલતમંદ શખ્સને તેની મગફેરત વાસ્તે કોઈ ફાયદો પહોંચાવતા નથી." ★

➺ **"વમા સૈયાને ઝૂખુબરિન બસીરૂ**
**વઆખેરો જાહિલુન લૈસા સવાઊ."**

**તરજુમા :** ઈલ્મની એહમીયતથી ખબરદાર, બસીરતની નઝરથી જોનાર એક શખ્સ અને જાહિલ-અનપઢ બીજો શખ્સ કોઈ વક્ત બરાબર થાતા નથી.

**તશરીહ :** ઈલ્મ એક કીમતી જૌહર અને લાઝવાલ દૌલતનો ભારી ખઝાનો છે. ઈરશાદે રબ્બાની છે કે, શું જે જાણે છે અને જે નથી જાણતા એ બરાબર થાશે ? આ વાતની તો અકલવાલા સમઝદાર શખ્સ જ ઝિક્ર કરી શકે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, **"અલ-ઇલ્મો ખલીલુલ મુમિન"**, યાઅની ઈલ્મ મુમિનનો દોસ્ત છે. ઈલ્મના તલબગાર શખ્સ પર અલ્લાહના મલાઈક સાયો કરે છે. ઈલ્મ રાખનારો શખ્સ જાહિલ કરતા ઝિયાદહ સયાનો, હુશિયાર અને ચાલાક હોય છે કેમ કે તેના પાસે ઈલ્મની દૌલત આવી, તે પહેલા એ જાહિલ હતો. અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં જાહિલોને સાથે ખિતાબ-વાતચીત કરવાની મનાઈ ફરમાવી છે અને જાહિલની રસ્તામાં મુલાકાત થાય તો કરામત અને સલામતીની હાલતમાં તેનાથી ગુઝરી જાવાની તાકીદ કીધેલી છે. **જાહિલ લોગો ભૂંડા હોય છે અને બકવાસ કરવાવાલા હોય છે.** રસૂલે અકરમ (સ.અ.વ.વ.) ના ઝમાનમાં બે તરહના જાહિલો હતા. એક તે લોગો જેઓએ આપની રિસાલત-નુબૂવતની દાઅવતને કુબૂલ ન કીધી અને નઉઝોબિલ્લાહ આપને જાદુગર-જૂઠા કહ્યા; અને બીજા તે લોગો જે ઈસ્લામના ઝૈરે પરચમ દાખિલ તો થયા પણ કુરઆન અને અહલે ઝિક્રની વાતો ને ન સમઝા અને જાણીજોઈને અલ્લાહના કલામમાં અને આપના ફરમાનોમાં તબદીલો તરમીમ અને બનાવટ કીધી.

ઈમામ અહમદિલ મસ્તૂર (અ.સ.) રસાઈલે ઈખ્વાનુસ્સફામાં ઈલ્મને હાસિલ કરવાના બાબમાં ફરમાવે છે કે, અલ્લાહતઆલા જેને ઉપર રેહમત કરે તેને જ આ ઈલ્મની દૌલત હાસિલ થાય અને જાહિલોને દરમિયાન આ ઈલ્મ એક અજનબી શખ્સને મુજબ છે જે પોતાના વતન અને ઘરવાલાની તલાશ કરે છે અને જે વક્ત આ બેવે એને મીલે છે તો તેને રાહત-તમક્કુન મીલે છે, કેમ કે ઈલ્મ અકલવાલાઓની તલાશ કરે છે. **ઇસ્માઇલી-તૈયેબી મઝહબે ફિક્રમાં ઇલ્મની તાઅબીર પાનીથી કરવામાં આવેલી છે અને જેહાલતની તાઅબીર પત્થરથી.** પાનીમાં એ ખાસીયત છે કે તે ગંદકી-ખરાબીને સાફ કરે છે; અને પત્થરની એ અસ્લીયત છે કે તેની સખ્તી-ઠોસપણું છોડતો નથી. તેથી જેના દિલો ઈલ્મ તરફ રગબત રાખતા નથી તે પત્થરની માનિંદ છે. અક્લ હોય છે તો ઈલ્મ આવે છે અને અક્લને ઈલ્મનો સાથ મીલવાથી અક્લમાં તેઝી આવે છે. તેથી જ સાદેકીનનો કૌલ છે કે, અગર ઈલ્મના ઝરીએ અક્લ તમામ થઈ તો ઝબાન પર તાલા વાગી જાય છે. આખિરમાં આલિમ તે આલિમ જ છે અને જાહિલ તે જાહિલ જ છે, જો અગર કોઈ શખ્સ આ બેવેમાં ફરક અને તમીઝ ન કરે તો અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના કૌલ મુજબ તે ખુદ જાહિલ છે. ★

➳ **"વમંચ સસ્તઅતેબિલ હિદસાના યૌમન,**
**યકુન ઝાકલ ઇતાબો લહૂ અનાઆ."**

**તરજુમા :** તે કોઈ શખ્સ ઝમાનાની ગરદિશોને સમઝાવવાની કોશિશ કરે છે તો તેનું સમઝાવવું તેને વાસ્તે મહેનત થઈ પડે છે, અને કોઈ નતીજો નીકલતો નથી.

**તશ્રીહ :** અલ્લાહની કઝાઓ કદરમાં જે મન્ઝૂર છે તે વાકેઓ ઝમાનામાં બનીને જ રહે છે. જે કઈ પણ બને છે તેનાથી ઈન્સાનને પોતાના દિલને મનાવી લેવું પડે છે. શિક્વા-શિકાયતથી કોઈ ફાયદો થાતો નથી. કોઈ શખ્સ ગમે એવું ભલું યા બુરૂં ચાહે પણ તકદીર તેના હાથમાં હોતી નથી. જે મુસ્તકબિલમાં આવનાર અને થાનાર છે એ ઝરૂર બનનાર છે. એમાં ઈન્સાન પશો-પૈશ કરે અને વાકેઆને ટાલવાની તમામ તદબીર કરે તો પણ એની હર મહેનત નાકામ થાય છે. **અલા કુલ્લે હાલ ઇન્સાનને ઝમાનાના હાલાતથી સમઝોતો કરી જ લેવો પડે છે.** એના દિલને કોઈ ચીઝ નાગવાર ગુઝરે અને રંજીદાહ થાય તો ગમગીનીને ગલે લગાવીને પણ હાલાતે હાઝેરા સાથે ખુદને ઢાલવું જ પડે છે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) આ શેઅરથી પોતાના હમ-ગમનો ઈઝહાર કરે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ગદીરે ખુમના મૈદાનમાં ૧૮ ઝિલહજ્જ, ૧૦ હિ. ના દિન અંદાઝે ૭૦,૦૦૦ અહલે ઈસ્લામને દરમિયાન પોતાને કાઈમ મકામ બનાવા. અને તે બાદ તમામ હાઝેરીને આ નસ્સે ગદીરની અલલ એલાન રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) અને આપ (અ.સ.) ની કદમબોસી કીધી અને મુમેનીનના મૌલા બનવાની તેહનીયત અરઝ કીધી. આ ચીઝને બાવુજૂદ લોગોએ ફક્ત ૭૦ અય્યામ બાદ જ રસૂલે મકબૂલ (સ.અ.વ.વ.) ની વસીયત, નસીહત, હિદાયત અને નસ્સે જલીને પીઠ પાછલ નાંખી દીધી અને જાહિલીયતના ઝમાનાની ગુમ્રાહીને ઝાહિર કીધી. આપ (અ.સ.) એ દિલ પર પત્થર મુકી આ ગમના કડવા ઘુંટને પીધો અને **શિકાયતના એક પણ કલામ આપે ન નીકાલા.** મૌલાતોના ફાતેમા ઝહરા (અ.સ.) પાસેથી ફિદકની વિરાસતની ઝમીન છીનવી લેવામાં આવી. જહાનના બૈરોના સરદાર જે ઈસમત અને તહારતની ચાદર પહેરતા હતા, તેને ખલીફએ ઝમાનાના દરબારમાં ફિદકના કઝીયાના ફેસલા વાસ્તે ઝબરદસ્તી અને કરાહીયતથી ઈમામ હસનો હુસૈન (અ.સ.) ને લઈને હાઝિર થાવું પડું તો પણ ખલીફએ વક્તએ આપ મૌલાતોના સાથે ઈન્સાફ ન કીધો.

મૌલાના ઈમામ હસન (અ.સ.) ના ઝમાનામાં ઔર મુસીબત અને ફિત્નો વધો. વક્તી તૌર પર શજરતે ખબીસા-નાપાક ઝાડ જેના મૂલ ઝમીનમાં સાબિત ન હતા તે શજરતે તૈયેબાહ-પાક ઝાડ પર ગાલિબ આવું. અને જે સિબ્તે અકરમ અને નવાસએ આઅઝમને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આગૌશે મોહંમદીમાં બેસાડીને ઈમામતના મનસબ પર ફાઈઝ કીધા હતા, તે સાહબને બનુ ઊમૈયાહના ઝહેરીલા દરિંદા લઈન ઈબ્ને લઈન સાથે રિયાસત અને બાદશાહતની બાબતમાં સુલહ કરવી પડી અને દમિશ્કનો નાપાક તખ્તો તાજ બદખિસાલ અને બદઅખ્લાક બાદશાહના સિરે જાહિલ અને બેવકૂફ શામીઓએ પહેરાવો. અહલે બૈત (અ.સ.) પર ઝમાનાની ગરદિશ અને ઝુલ્મો સિતમની દાસ્તાનના સિલસિલાનો એક ભારી કિતાબ પૈશ કરવામાં આવે તો પણ અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ના આ શેઅરને કલમની સિયાહી વફા નહીં કરી શકે. ★